**Extra No. 17**

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVII ] THURSDAY, JANUARY 8, 2026 / PAUSHA 18, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

**PART IV-C**

**Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.**

**રાજ્ય ચૂંટણી આયોગ**

સચિવાલય, ગાંધીનગર, ૮મી જાન્યુઆરી, ૨૦૨૬

**મોરબી મહાનગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ.**

**ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-મનપા-મોરબી-૨૦૨૬**

1. ભારતના સંવિધાનના ૭૪મા સુધારાને અનુલક્ષીને ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ કે જેનો હવે પછી અધિનિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તેમાં ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ (ગુજરાત દ્વિતિય સુધારા), ૧૯૯૩ થી સુધારા કરવામાં આવેલ છે. આ અધિનિયમની કલમ-૧૪(૧) હેઠળ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી કરવાની સત્તા રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થયેલી છે. અધિનિયમની કલમ-૧૪ની પેટા કલમ(૨) હેઠળ રાજ્ય સરકારે ઘડેલા નિયમો અનુસાર રાજ્ય ચૂંટણી આયોગે ચૂંટણી હાથ ધરવાની છે.

2. રાજ્ય સરકાર ગુજરાત લોકલ ઓથોરીટીઝ લોઝ (સુધારા) એક્ટ-૨૦૦૯થી ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમમાં કેટલાક સુધારા કરવામાં આવેલ છે. આ સુધારા અન્વયે મહાનગરપાલિકામાં ૫૦ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે. તેમજ રાજ્ય સરકાર વર્ષ-૨૦૧૫માં મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી) બાબતના નિયમો, ૧૯૯૪માં સુધારો કરી મહાનગરપાલિકા માટે એક વોર્ડમાં ચાર બેઠકો રાખવા અને તે પૈકી બે બેઠકો સ્ત્રીઓ માટે અને બાકીની બે બેઠકો જરૂરિયાત મુજબ અનામત કે બિનઅનામત રાખવા જોગવાઈ કરવામાં આવેલ છે.

3. ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (સન ૨૦૨૩નો ગુજરાતનો ૧૭મો)થી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પછાતવર્ગોની બેઠકોની અનામતની ટકાવારીમાં સુધારો કરી ૨૭ ટકા સુધીની બેઠકો પછાતવર્ગો માટે અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

4. રાજ્ય સરકારે અધિનિયમની કલમ-૫ની પેટા કલમ (૩) ના ખંડ (ક) તથા પેટા કલમ (૪), (૫), (૬) તથા (૭) અન્વયે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક: KV-238 of 2025 UDUHD/MSM/e-file/18/2025/0418/P, તા. ૦૯/૦૭/૨૦૨૫ (જેને હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે)થી મોરબી મહાનગરપાલિકા (જેનો હવે પછી મહાનગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે)ના મોરબી મહાનગરપાલિકાને ૧૩ વોર્ડોમાં વહેંચેલ છે. અને કાઉન્સિલરોની કુલ બેઠકો ૫૨ નક્કી કરેલ છે તેમજ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગ તથા સ્ત્રીઓ માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલ છે.

5. રાજ્ય સરકારે અધિનિયમની કલમ-૪૫૬(૧) તથા કલમ-૫ હેઠળ મુંબઇ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી) નિયમો-૧૯૯૪ કે જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે બહાર પાડેલ છે. નિયમોના નિયમ-૨ અન્વયે મહાનગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે, શક્ય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસતી એકસરખી રહે અને સામાન્યત: વોર્ડોની સરેરાશ વસતી કોઇપણ વોર્ડોમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહીં. આમ છતાં રાજ્ય ચૂંટણી આયોગને જો એવો સંતોષ થાય કે, સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણાં કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ સરેરાશ વસતીમાં કરવી જરૂરી છે, તો તે સંજોગોમાં ચૂંટણી આયોગ ૧૦ ટકા થી વધુ વધ કે ઘટ કરીને વોર્ડોની રચના કરી શકશે.

6. રાજ્ય ચૂંટણી આયોગે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે તેમજ સને ૧૯૪૮ના સેન્સસ એક્ટ અન્વયે સને ૨૦૧૧ની વસતી ગણતરીના છેવટના પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં મહાનગરપાલિકાની કુલ વસતી ૨૬૭૭૨૪ આવે છે. જાહેરનામા પ્રમાણે મહાનગરપાલિકાને ૧૩ વોર્ડોમાં વહેચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસતી ૨૦૫૯૪ ની થાય છે.

7. એકઠી કરેલ માહિતીની આયોગે તેના કાર્યાલયના અધિકારી/કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે, એકઠી થયેલ માહિતિના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યું છે તે મુજબ સૂચિત વોર્ડ નં.૨ સિવાય કોઈપણ વોર્ડની વસતી સરેરાશ વસતીના ૧૦ ટકાથી વધુ વધતી નથી કે ૧૦ ટકા વધુ ઘટતી નથી.

8. મહાનગરપાલિકાના ૧૩ વોર્ડોનું નિયમ-૩ની જોગવાઇ ધ્યાનમાં રાખી આ સાથે અનુસૂચિ-૧માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે. આ સીમાંકન નક્કી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વેલાઇન, રોડ-રસ્તાના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખવામાં આવ્યું છે.

9. નિયમોના નિયમ ૪ અન્વયે દરેક વોર્ડમાં ચાર કાઉન્સિલર ચૂંટવાના છે તેમજ નિયમોના નિયમ ૫ અન્વયે દરેક વોર્ડમાંથી બે બેઠકો સ્ત્રીઓ (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે, જ્યારે બે બેઠકો સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ જરૂરિયાત મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને અથવા બિનઅનામત ફાળવવાની રહે છે.

10. નિયમોના નિયમ-૬ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવણી કરવાની થતી હોય તે કિસ્સામાં જે વોર્ડમાં આ વર્ગની વસતીની ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ (સ્ત્રી બેઠકો સહિત) ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ ટકાવારી હોય તે વોર્ડમાં ફાળવણી કરવાની થાય. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો, ૧૯૯૪ના નિયમ-૬(ક) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે તા. ૧૧-૧૨-૨૦૧૪ના આદેશથી અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત આદિજાતિની સ્ત્રી બેઠકો આ જાતિઓની વસતીની સૌથી ઊંચી ટકાવારી હોય તેવા વોર્ડોનો ઉતરતો ક્રમ નક્કી કરી ઉતરતા ક્રમના બીજા, ચોથા, છઠ્ઠા અને આઠમા એમ બેકી સંખ્યાના ક્રમમાં ફાળવવામાં આવશે એમ નિર્ધારિત કરેલ છે.

11. જાહેરનામા અન્વયે મોરબી મહાનગરપાલિકા માટે ૪ બેઠકો અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નક્કી કરેલ છે અને તે પૈકી ૨ બેઠકો અનુસૂચિત જાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નક્કી થયેલ છે.

12. સને : ૨૦૧૧ની વસતી ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ મહાનગરપાલિકાના જુદા જુદા ૧૩ સૂચિત વોર્ડમાં અનુસૂચિત જાતિની વસતીની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં વોર્ડ ગોઠવવામાં આવે તો અનુસૂચિત જાતિ માટે નીચે પ્રમાણે ખાસ ક્રમાંક નક્કી થાય છે.

| અ.નં. | વોર્ડ નં. | વોર્ડની વસતી | અનુસૂચિત જાતિની કુલ વસતી | વોર્ડની વસતી સામે અનુસૂચિત જાતિની વસતીની ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | ૪ | ૨૧૭૮૪ | ૪૪૫૦ | ૨૦.૪૩ |
| ૨ | ૫ | ૨૨૪૮૫ | ૪૩૬૭ | ૧૯.૪૨ |
| ૩ | ૨ | ૨૩૪૭૬ | ૩૫૭૧ | ૧૫.૨૧ |
| ૪ | ૧૩ | ૧૯૩૯૮ | ૨૬૭૬ | ૧૩.૮૦ |
| ૫ | ૧૦ | ૧૯૧૫૧ | ૧૦૯૪ | ૫.૭૧ |
| ૬ | ૩ | ૨૨૨૮૨ | ૧૧૯૮ | ૫.૩૮ |
| ૭ | ૧૧ | ૨૦૨૫૬ | ૭૪૬ | ૩.૬૮ |
| ૮ | ૧ | ૧૯૬૦૬ | ૪૮૬ | ૨.૪૮ |
| ૯ | ૧૨ | ૨૦૧૫૪ | ૩૦૮ | ૧.૫૩ |
| ૧૦ | ૭ | ૨૧૨૭૩ | ૧૬૭ | ૦.૭૯ |
| ૧૧ | ૮ | ૧૮૯૮૮ | ૧૩૦ | ૦.૬૮ |
| ૧૨ | ૯ | ૧૯૫૨૨ | ૧૨૧ | ૦.૬૨ |
| ૧૩ | ૬ | ૧૯૩૪૯ | ૨૫ | ૦.૧૩ |
| **કુલ** | | **૨૬૭૭૨૪** | **૧૯૩૩૯** | |

13. આમ, અનુસૂચિત જાતિની વસતીની ઊંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૪, ૫, ૨ તથા ૧૩માં નિયમોના નિયમ-૬(અ) હેઠળ અનુસૂચિત જાતિ માટેની અનામત બેઠકની ફાળવણી કરવાની થાય છે.

14. અનુસૂચિત જાતિની સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યત: આ વર્ગની વસતીને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતા શક્ય હોય ત્યાં સુધી દર બેકી સંખ્યાના ઉતરતા ક્રમે આવતા વોર્ડમાં સ્ત્રી બેઠક ફાળવવી તેમ આયોગ માને છે. આ પ્રમાણે ગણતરી કરતાં વોર્ડ નં.૫ અને ૧૩માં અનુસૂચિત જાતિ સ્ત્રી માટે અને વોર્ડ નં. ૪ અને ૨માં અનુસૂચિત જાતિ માટે બેઠક અનામત રાખવાની થાય છે.

15. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. ૪, ૫, ૨ તથા ૧૩માં નિયમ-૬(અ) હેઠળ ફાળવવાની થાય. આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવાની થાય છે.

| અ.નં. | વોર્ડ નંબર | બેઠક |
|---|---|---|
| ૧ | ૪ | અનુસૂચિત જાતિ |
| ૨ | ૫ | અનુસૂચિત જાતિ સ્ત્રી |
| ૩ | ૨ | અનુસૂચિત જાતિ |
| ૪ | ૧૩ | અનુસૂચિત જાતિ સ્ત્રી |

16. સને: ૨૦૧૧ની વસતી ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ મહાનગરપાલિકાના જુદા જુદા ૧૩ સૂચિત વોર્ડની વસતી તથા દરેકની અનુસૂચિત આદિજાતિની વસતી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય.

| અ.નં. | વોર્ડ નં. | વોર્ડની વસતી | અનુસૂચિત આદિજાતિની કુલ વસતી | વોર્ડની વસતી સામે અનુસૂચિત આદિજાતિની વસતીની ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | ૪ | ૨૧૭૮૪ | ૩૧૨ | ૧.૪૩ |
| ૨ | ૯ | ૧૯૫૨૨ | ૨૧૯ | ૧.૧૨ |
| ૩ | ૩ | ૨૨૨૮૨ | ૨૨૬ | ૧.૦૧ |
| ૪ | ૨ | ૨૩૪૭૬ | ૧૯૫ | ૦.૮૩ |
| ૫ | ૧૨ | ૨૦૧૫૪ | ૧૩૧ | ૦.૬૫ |
| ૬ | ૮ | ૧૮૯૮૮ | ૬૦ | ૦.૩૨ |

| અ.નં. | વોર્ડ નં. | વોર્ડની વસતી | અનુસૂચિત આદિજાતિની કુલ વસતી | વોર્ડની વસતી સામે અનુસૂચિત આદિજાતિની વસતીની ટકાવારી |
|---|---|---|---|---|
| ૭ | ૫ | ૨૨૪૮૫ | ૬૪ | ૦.૨૮ |
| ૮ | ૬ | ૧૯૩૪૯ | ૩૮ | ૦.૨૦ |
| ૯ | ૧૩ | ૧૯૩૯૮ | ૩૧ | ૦.૧૬ |
| ૧૦ | ૭ | ૨૧૨૭૩ | ૩૨ | ૦.૧૫ |
| ૧૧ | ૧૧ | ૨૦૨૫૬ | ૨૯ | ૦.૧૪ |
| ૧૨ | ૧ | ૧૯૬૦૬ | ૧૯ | ૦.૧૦ |
| ૧૩ | ૧૦ | ૧૯૧૫૧ | ૮ | ૦.૦૪ |
| **કુલ** | | **૨૬૭૭૨૪** | **૧૩૬૪** | |

17. જાહેરનામા અન્વયે મોરબી મહાનગરપાલિકા માટે એકપણ બેઠક અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખેલ નથી.

18. જાહેરનામા અન્વયે ૧૪ બેઠકો પછાત વર્ગ માટે અનામત નિર્ધારીત થયેલ છે. તે પૈકી ૭ બેઠકો આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારીત કરવામાં આવેલ છે.

19. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો, ૧૯૯૪ના નિયમ-૬(અ) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે તા.૧૧-૧૨-૨૦૧૪ના આદેશથી પછાતવર્ગની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેક્ટરશ્રી તરફથી પછાતવર્ગોની વસતીની મળેલ માહિતિના અભ્યાસ પરથી મહાનગરપાલિકાના જે વોર્ડમાં પછાતવર્ગની વસતીની ટકાવારી વધુ હોય તે વોર્ડમાં ઉતરતા ક્રમે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો થાય.

મોરબી મહાનગરપાલિકાના સૂચિત ૧૩ વોર્ડની વસતી તથા પછાતવર્ગની અંદાજિત વસતી અને તેની ટકાવારી ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય.

| અ.નં. | વોર્ડ નં. | વોર્ડની કુલ વસતી | પછાતવર્ગની કુલ વસતી(અંદાજિત) | વોર્ડની વસતી સામે પછાતવર્ગની વસતીની ટકાવારી |
|---|---|---|---|---|
| ૧ | ૧૩ | ૧૯૩૯૮ | ૧૩૭૮૭ | ૭૧.૦૭ |
| ૨ | ૨ | ૨૩૪૭૬ | ૯૭૧૫ | ૪૧.૩૮ |
| ૩ | ૪ | ૨૧૭૮૪ | ૮૯૯૦ | ૪૧.૨૭ |
| ૪ | ૧૨ | ૨૦૧૫૪ | ૮૧૩૩ | ૪૦.૩૫ |
| ૫ | ૧૦ | ૧૯૧૫૧ | ૬૭૨૪ | ૩૫.૧૧ |
| ૬ | ૬ | ૧૯૩૪૯ | ૬૬૧૦ | ૩૪.૧૬ |
| ૭ | ૩ | ૨૨૨૮૨ | ૫૬૪૮ | ૨૫.૩૫ |
| ૮ | ૧ | ૧૯૬૦૬ | ૩૬૯૫ | ૧૮.૮૫ |
| ૯ | ૫ | ૨૨૪૮૫ | ૩૦૩૦ | ૧૩.૪૮ |
| ૧૦ | ૭ | ૨૧૨૭૩ | ૨૬૬૨ | ૧૨.૫૧ |
| ૧૧ | ૮ | ૧૮૯૮૮ | ૧૯૫૭ | ૧૦.૩૧ |
| ૧૨ | ૯ | ૧૯૫૨૨ | ૧૮૭૦ | ૯.૫૮ |
| ૧૩ | ૧૧ | ૨૦૨૫૬ | ૧૯૧૪ | ૯.૪૫ |
| **કુલ** | | **૨૬૭૭૨૪** | **૭૪૭૩૫** | |

પછાતવર્ગની વસતીની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઇ ઉતરતા ક્રમમાં સૂચિત વોર્ડ નં. ૧૩, ૨, ૪, ૧૨, ૧૦, ૬, ૩, ૧, ૫, ૭, ૮, ૯, ૧૧ અને ૧૩માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે. જે પૈકી શક્ય હોય ત્યાં સુધી દર બીજા ક્રમે આવતાં વોર્ડ નં. ૨, ૧૨, ૬, ૧, ૭, ૯ અને ૧૩માં પછાતવર્ગ સ્ત્રીની બેઠક ફાળવવાની થાય. પછાતવર્ગની બેઠકોની ફાળવણી કરતાં વોર્ડ નં-૪માં અનુસૂચિત જાતિની બેઠક

ફાળવણી કરેલ હોઇ તે વોર્ડમાં પછાત વર્ગની બેઠક ફાળવી શકાય તેમ નથી, જેથી આયોગના તા.૧૧-૧૨-૨૦૧૪ના આદેશની જોગવાઇ અને માપદંડો મુજબ ચડતા-ઉતરતા ક્રમ ધ્યાને લઇ ખાસ ક્રમાંક-૩ વોર્ડ નં.૪માં પછાતવર્ગ સ્ત્રી અને ખાસ ક્રમાંક-૪ વોર્ડ નં.૧૨માં પછાતવર્ગની બેઠકની ફાળવણી કરેલ છે. પછાતવર્ગની ૧૪મી બેઠકની ફાળવણી કરતી વખતે ખાસ ક્રમાંક-૧ વોર્ડ નં.૧૩માં અગાઉ અનુસૂચિત જાતિ સ્ત્રી અને પછાતવર્ગ ફળવાયેલ હોઇ, ખાસ ક્રમાંક-૨ વોર્ડ નં.૨માં અગાઉ અનુસૂચિત જાતિ અને પછાતવર્ગ સ્ત્રી ફળવાયેલ હોઇ, ખાસ ક્રમાંક-૩ વોર્ડ નં.૪માં અગાઉ અનુસૂચિત જાતિ અને પછાતવર્ગ સ્ત્રીની બેઠકો ફળવાયેલ હોઇ તેને પડતા મૂકી તેના પછીના ખાસ ક્રમાંક-૪ વોર્ડ નં.૧૨માં પછાતવર્ગની ૧૪મી (સ્ત્રી) બેઠકની ફાળવણી કરેલ છે.

રાજ્ય ચૂંટણી આથી પછાતવર્ગની બેઠકોની સમગ્રત: ફાળવણી નિયમોના નિયમ-૬ હેઠળ નીચે પ્રમાણે ફાળવવામાં આવે છે.

| **અ.નં.** | **વોર્ડ નંબર** | **બેઠક** |
|---|---|---|
| ૧ | ૧૩ | પછાતવર્ગ |
| ૨ | ૨ | પછાતવર્ગ સ્ત્રી |
| ૩ | ૪ | પછાતવર્ગ સ્ત્રી |
| ૪ | ૧૨ | પછાતવર્ગ |
| ૫ | ૧૦ | પછાતવર્ગ |
| ૬ | ૬ | પછાતવર્ગ સ્ત્રી |
| ૭ | ૩ | પછાતવર્ગ |
| ૮ | ૧ | પછાતવર્ગ સ્ત્રી |
| ૯ | ૫ | પછાતવર્ગ |
| ૧૦ | ૭ | પછાતવર્ગ સ્ત્રી |
| ૧૧ | ૮ | પછાતવર્ગ |
| ૧૨ | ૯ | પછાતવર્ગ સ્ત્રી |
| ૧૩ | ૧૧ | પછાતવર્ગ |
| ૧૪ | ૧૨ | પછાતવર્ગ સ્ત્રી |

20. આ પ્રમાણે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા પછાતવર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક બાકી રહેતી બેઠકો બિનઅનામત તરીકે ફાળવવામાં આવે છે. સમગ્રત: તમામ પાસાઓનો અભ્યાસ કરીને મોરબી મહાનગરપાલિકાના આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે અને આ સાથે અનુસૂચિ-૨માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

21. આ પ્રમાણે વોર્ડની રચના અને હદરેખા નક્કી કરતો અને વોર્ડની બેઠકોની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

22. અનુસૂચિ-૧માં જણાવ્યા પ્રમાણે વોર્ડની હદરેખા નક્કી કરવામાં આવે છે અને અનુસૂચિ-૨માં જણાવ્યા મુજબ બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઇપણ શખ્સ કે જાહેર જનતાને સલાહ સૂચનો રજૂ કરવાના હોય તો તે આ આદેશ પ્રસિદ્ધ થયાના ૧૦ દિવસમાં રાજ્ય ચૂંટણી આયોગ, સરદાર ભવન, બ્લોક નં.૯, છઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. જેની એક નકલ શહેર ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટરશ્રી, મોરબીને આપવાની રહેશે. મુદત પુરી થયા બાદ આવેલ સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

રાજ્ય ચૂંટણી આયોગ મોરબી મહાનગરપાલિકાના વોર્ડની નક્કી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં રાજ્ય ચૂંટણી આયોગમાં નોંધાયેલ માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

**આર. જી. ગોહિલ,**

સચિવ.

**અનુસૂચિ-૧**

**મોરબી મહાનગરપાલિકા, મોરબી**

**રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંકઃ- રાચઆ-ચટણ-સમક-મનપા-મોરબી-૨૦૨૬, તા.૦૮-૦૧-૨૦૨૬નું બિડાણ.**

**સને ૨૦૧૧ની વસતી ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડાના આધારે મોરબી મહાનગરપાલિકાની સૂચિત વોર્ડ રચના મુજબ વોર્ડોનું વર્ણન.**

વોર્ડ નં. ૧માં સમાવિષ્ટ વિસ્તારની હદનું વર્ણનઃ-

મોરબી શહેરના સુચિત વોર્ડ નં.૧ના વાયવ્ય ખૂણે આવેલ નાની વાવડી સર્વે નં. 202, વાયવ્ય દિશાની હદે ઉત્તર દિશા તરફ જતા સર્વે નં. 201, 200, 199, 197, 196, 195, 194, 190, 189, 188, 186, 185, 180 પછી રસ્તો ઓળંગી સર્વે નં. ઉત્તર દિશા તરફની હદેથી ઉત્તર દિશા તરફ જતા સર્વે નં. 157, 138, 137, 136, 135, 134, 132, 117, 118 રસ્તો ઓળંગી સર્વે નં. 57, 56, 55, 53, 52, 49, 48ની ઉત્તર બાજુની હદેથી સર્વે નં. 184ની ઉત્તર તથા ઇશાન ખૂણાની હદે આગળ વધતા કેનાલ ઓળંગી સર્વે નં. 193, 194/1, 195, 205/1, 208, 209/1, 209/2, 210ની ઇશાન ખૂણાની હદે આગળ વધી સર્વે નં. 58, 42, 41, 40, 39, 37/1, 23, 21, 20થી અગ્નિ ખૂણા તરફ જતા સર્વે નં. 11,18/4, 7/3, 6ની પુર્વ તરફની હદેથી અગ્નિ ખૂણે રોડ ઓળંગી શ્રીરામ પાર્ક, ભગવતીપરાની પુર્વ તરફની હદે પસાર થઇ દક્ષિણ દિશા તરફ જતા સર્વે નં. 4/3, 1300, 1301, 1302, 1303, 1304, 1309, 1310, 1311ની દક્ષિણ દિશા તરફની હદે પસાર થઇ રસ્તો ઓળંગી સર્વે નં. 1324, 1325 કેનાલ ઓળંગી સર્વે નં. 1326, 1328થી વોકળો ઓળંગી ઉત્તર દિશા વોકળાની સાથે આગળ વધી સર્વે નં. 1348, 1349ની પશ્ચિમ દિશા તરફ આગળ વધતા સર્વે નં. 248,/3, 240/2 પરથી પસાર થઇ સર્વે નં. 250, 254, 253, 313, 269, 270, 298, 295, 294 ઓળંગી સર્વે નં. 715, 714થી રોડઓળંગી સર્વે નં. 716, 717ની હદે પસાર થઇ દક્ષિણ દિશા તરફ વળાંક લેતા સર્વે નં. 781, 672, 675, 676, 677, 678, 694, 695, 698, 699, 708, 709, 711, 712ની પુર્વ દિશાની હદે પસાર થઇ દક્ષિણ દિશા તરફ વળાંક લેતા સર્વે નં. 712, 711, 710, 707, 704, 703, 688, 687, 680, 685 થઇ રસ્તો ઓળંગી સર્વે નં. 625, 624, 622, 621, 618, 617, 616, 615ની દક્ષિણ દિશાની હદેથી પશ્ચિમ દિશાની હદે થઇ પશ્ચિમ દિશા તરફ જતા સર્વે નં. 614, 611, 609, 606, 604ની નૈઋત્ય દિશાની હદેથી આગળ આવેલ નાની વાવડી ગામના રેવન્યુ રકબાની હદેથી પશ્ચિમ દિશા તરફ આગળ વધતા નદીની સાથે સાથે સર્વે નં. 42 પહોચી સર્વે નબર 427, 426ની દક્ષિણ દિશાની હદે પસાર થઇ વાયવ્ય ખૂણા તરફ જતા સર્વે નં. 426, 425, 424, 360, 377, 375, 374, 362, 361થી રોડ ઓળંગી વાયવ્ય દિશામાં આવેલ સર્વે નં. 202ની પશ્ચિમ દિશા સુધીમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર

વોર્ડ નં. ૨માં સમાવિષ્ટ વિસ્તારની હદનું વર્ણનઃ-

મોરબી શહેરના સુચિત વોર્ડ નં.૨ના વાયવ્ય ખૂણે આવેલ મચ્છુ નદીથી ઉત્તર દિશા તરફ જતા અમરેલી સર્વે નં. 64, 63 ની ઉત્તર દિશાની હદે ચાલી રસ્તો ઓળંગી સર્વે નં. 63 પૈકીથી અગ્નિ ખૂણા તરફ વળાંક લેતા સર્વે નં. 63 પૈક, 62 પૈકી 61/1, 60/1 પૈકી, 60/2 પૈકી, 60/3 પૈકી, 60/4 પૈકી, 59, 58/1, 58/2 58/3, 58/4, 58/5, 57/1, 57/2, 57/3, 57/4, 56, 55, 54,53, 51, 50, 59, 48ની ઇશાન ખૂણાની હદેથી પસાર થઇ રસ્તો ઓળંગી ઉત્તર દિશાથી ઇશાન ખૂણા તરફ જતા સર્વે નં. 46, 47, 44, 38, 66/2, 36/1થી મચ્છુનદી તરફ જતાં મચ્છુ નદી મધ્યમાં પહોચી દક્ષિણ દિશા તરફ વળાંક લેતા અમરેલીના સર્વે નં. 3થી મચ્છુ નદી મધ્યમાં અમરેલી સર્વે નં. ૩ની પુર્વ તરફની હદે પહોચી દક્ષિણ દિશા તરફ જતા અમરેલી ગામતળ થી મધ્યમાં નદીના કાંઠેથી મધ્ય નદીના કાંઠેથી આગળ વધતા સર્વે નં. 173, 153, સર્વે નં. 20ની પુર્વ તરફ ની હદેથી શંકરા આશ્રમથી પશ્ચિમ તરફ વળાંક લેતા મોરબી નવલખી રેલ્વે લાઈન સાથે આગળ વધતા વીસી ફાટક, એમ.પી. શેઠ ગર્લ્સ હાઈસ્કૂલ, મોરબી રેલ્વે સ્ટેશન, આરકલી, લાયન્સનગર, કુબેર નગર પાસે રેલ્વે ફાટકની દક્ષિણ દિશાની હદે આગળ વધતા સર્વે નં. 78/2, 78/1, 76, 75, 68/1, 67, 66, 65, 64, 63, 62ની દક્ષિણ દિશાની હદેથી પશ્ચિમ દિશા તરફ જતા વોકળો ઓળંગી સર્વે નં. 136, 141, 142, 143થી વોકળો ઓળંગી રોડની સાથે પશ્ચિમ દિશા તરફ જતા સર્વે નં.183 પહોંચી ઉત્તર દિશા તરફ વળાંક લઇ સર્વે નં. 183, 181, 180, 176, 175ની પશ્ચિમ દિશાની હદથી પુર્વ તરફ વળાંક લેતા સર્વે નં. 175, 174, 173, 172, 168, 167, 166, 165/2 ઉત્તર દિશાની હદેથી વાયવ્ય દિશા તરફ જતા સર્વે નં. 149થી મચ્છુ નદી સુધીનો સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૩માં સમાવિષ્ટ વિસ્તારની હદનું વર્ણનઃ-

મોરબી શહેરના સુચિત વોર્ડ નં.૩ના વાયવ્ય ખૂણે આવેલ મચ્છુ નદીથી પુર્વ તરફ જતા સર્વે નં. 121, 113, 112, 87, 88, 85, 82, 81/1, 67, 50, 56થી રસ્તો ઓળંગી સર્વે નં. 54, 49ના ઇશાન ખૂણાની હદેથી દક્ષિણ દિશા તરફ વળાંક લઇ સર્વે નં. 34, 33, 32, 31, 30, 29, 26ની પુર્વ તરફની હદેથી કાલીન્દ્રી નદી ઓળંગી પશ્ચિમ દિશા તરફ જતા સર્વે નં. 23, 22, 20, 19, 18, 16 દક્ષિણ દિશાની હદેથી કાલીન્દ્રી નદી પહોંચી કાલીન્દ્રી નદી સાથે આગળ વધી સર્વે નં. 154ના મધ્યથી દક્ષિણે વળાંક લેતા સર્વે નં. 155નો મધ્ય ભાગ કાલીન્દ્રી નદી કાંઠાનો વિસ્તાર રોડ ઓળંગી સર્વે નં. 194, 188, 187/1, 187/3ની ઉત્તર પુર્વ તરફ અને દક્ષિણ બાજુની હદે પસાર થઇ પશ્ચિમ દિશા તફ જતા સર્વે નં. 188, 183, 174થી કડિયા બોર્ડીંગની પશ્ચિમ દિશાની હદે આવેલ રોડ સાથે પશ્ચિમ દિશા તરફ જતા લાલબાગ સરકારી વસાહત લાલબાગ સેવા સદન, નટરાજ હોટેલ, જુનિયર નિરિક્ષક કાનૂની માપ અને વિજ્ઞાન, ગ્રાહક સુરક્ષાની કચેરીથી રોડ સાથે આગળ વધતા ઉમા ટાઉનશીપ રોડ ઓળંગી P.G.V.C.L.ની કચેરીની દક્ષિણ દિશાની હદેથી મચ્છુ નદી કાંઠે, મચ્છુ નદી મધ્યમાંથી વાયવ્ય મચ્છુ નદી કાંઠે પહોચી ત્યાં સુધીનો સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૪માં સમાવિષ્ટ વિસ્તારની હદનું વર્ણનઃ-

મોરબી શહેરના સુચિત વોર્ડ નં.૪ના વાયવ્ય ખૂણે આવેલ મહેન્દ્રનગરના સર્વે નં. 155ની પુર્વ દિશા તરફ જતા રસ્તો ઓળંગી કાલીન્દ્રી નદી સાથે આગળ વધતા કાલીન્દ્રી નદી, દક્ષિણ દિશામાં આવેલ સર્વે નં. 197ની પુર્વ તરફ હદેથી મોરબી ઘૂટું રોડ ઓળંગી ત્રાજપરના સર્વે નં. 9, 17, 18, 19ની ઉત્તર દિશાની હદે દક્ષિણ દિશા તરફ વળાંક લેતા સર્વે નં. 19, 20, 21, 23થી વોકળા ની મધ્યમાંથી પસાર થઇ ઓળંગી સર્વે નં. 28/2ની પુર્વ બાજુની હદથી પશ્ચિમ દિશા તરફ વળાંક લેતાં સર્વે નં. 28/2, 29, 30, 44ની દક્ષિણ દિશાની હદેથી પસાર થઇ દક્ષિણ દિશા તરફ જતા સર્વે નં. 46, 47ની પુર્વ તરફની હદેથી પશ્ચિમ દિશા તરફ વળાંક લેતા સર્વે નં. 48, 54ની હદેથી ઉત્તર દિશા તરફ વળાંક લેતા સર્વે નં. 86ની દક્ષિણ દિશાની હદેથી ઉતર તરફ જતા મોરબી ત્રાજપર રોડ, ત્રાજપર ચોકડી રોડ સાથે વાયવ્ય દિશા તરફ જતા મહેન્દ્રનગરના સર્વે નં. 155 સુધીનો તમામ સમાવિષ્ટ વિસ્તાર.

વોર્ડ નં. ૫માં સમાવિષ્ટ વિસ્તારની હદનું વર્ણનઃ-

મોરબી શહેરના સુચિત વોર્ડ નં.૫ના વાયવ્ય ખૂણે આવેલ મચ્છુ નદીના મધ્ય ભાગથી પુર્વ દિશા તરફ જતા L.E. COLLAGE હોસ્ટેલની ઉત્તર તરફની હદેથી પુર્વ તરફ જતા ના નટરાજ ફાટક તાલુકા પોલીસ સ્ટેશન, મહારાણા પ્રતાપ સર્કલ, ગુજરાત હાઉસિંગ બોર્ડ, શિવ શંકર ડેરી, વોરા બાગ, ત્રાજપર સર્વે નં. 82ની ઉત્તર તરફની હદેથી ચક્કરવાળો રોડ ની પુર્વ તરફ વળાંક લેતા સર્વે નં. 82ની પુર્વ તરફની જતા સર્વે સર્વે નં. 71, 70, 63ની ઉત્તર દિશાની હદેથી દક્ષિણ દિશા તરફ વળાંક લેતા ત્રાજપર સર્વે નં. 63ના મધ્યથી આગળ વધી સર્વે નં. 69ની પુર્વ તરફની હદ ઓળંગી ચક્કરવાળો રોડ ઓળંગી જિલ્લા સેવા સદન, જિલ્લા પોલીસ અધીક્ષકની કચેરીની ઉત્તર પુર્વ અને દક્ષિણ દિશા થી પસાર થઇ દક્ષિણ તરફ જતા ત્રાજપર સર્વ નં. 58, 57, 56ની પુર્વ બાજુની હદેથી પુર્વ તરફ વળાંક લેતા ત્રાજપર સર્વે નં. 31, 32ની ઉત્તર તરફ વળાંક લેતા રોડ સાથે આગળ વધતા સર્વે નં. 32, 30, 23, 22, 19, 18, 17ના ઇશાન ખૂણાની હદેથી પસાર થઇ દક્ષિણ દિશા તરફ વળી સર્વે નં. 16,15ની હદેથી અગ્નિ ખૂણે સર્વે નં.11, 103, 102ની ઉત્તર તરફની હદેથી દક્ષિણ દિશા તરફ જતા સર્વે નં.96 વોકળો ઓળંગી સર્વે 91, 90થી મચ્છુ નદી પહોચી મચ્છુ નદી મધ્યથી વાયવ્ય દિશામાં આવેલ મયુર પુલ પાસે આવેલ મચ્છુ નદી સુધીનો સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૬માં સમાવિષ્ટ વિસ્તારની હદનું વર્ણનઃ-

મોરબી શહેરના સુચિત વોર્ડ નં.૬ના વાયવ્ય ખૂણે આવેલ શક્તિ ચોકથી ઉત્તર દિશા તરફ જતા જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી, ન્યાયાધીશ આવાસ, મણી મંદિર, મણી મંદિર બગીચો, દક્ષિણ દિશા તરફ જતા મહેન્દ્ર ડ્રાઈવ રોડથી પુર્વ તરફ જતા દરબાર ગઢ, મચ્છુ બારી, રામઘાટ રોડ, મકરાણી વાસથી દક્ષિણ તથા પશ્ચિમ દિશાની હદે પસાર થઇ ઉત્તર દિશા તરફ જતા દિશા તરફ બાલમંદિરથી તરીયા ચોકથી પોલીસ લાઈનની ઉત્તર બાજૂની હદથી તરીયા ચોક, ભવાની ચોક, સુતારની વાડી, માતૃ મંદિર પ્રાથમિક શાળા, ગંધીયા બજારની જમણી બાજુના ભાગથી મેઈન બજારથી ઉત્તર તરફ જતા નેહરુગેટ જમણી બાજુ નેહરુ ગેટ બહારથી બુઢાવાળી લાઈનથી શક્તિ ચોક સુધીનો સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૭માં સમાવિષ્ટ વિસ્તારની હદનું વર્ણન.

મોરબી શહેરના સુચિત વોર્ડ નં.૭ના વાયવ્ય ખૂણે આવેલ માધાપર સર્વે નં. 17/5, 16, 15, 14/1, 14/2ના નૈઋત્ય ખૂણાની હદે આવેલ માધાપરના સર્વે નં. 13ની મધ્યથી આગળ વધતા નૈઋત્ય ખૂણાની હદે નવી રેલ્વે કોલોનીથી મોરબી વાંકાનેર રેલ્વે લાઈન, ધક્કા વાળી મંદિર, રેલ્વે સ્ટેશનથી ચાલતા વીસી ફાટક પહોચી, રોટરી કલબ સરકાર મધ્યમાં આગળ વધતા વીસી હાઈસ્કૂલ, જુનું આયુર્વેદિક દવાખાનું, મહાનગરપાલિકાની ખુલ્લા જગ્યાથી નૈઋત્ય ખૂણે આગળ વધતા ગેસ્ટ હાઉસ રોડ, પર બજારથી નેહરુ ગેટ ચોકના મધ્યથી જમણી બાજુ સરદાર રોડ તરફ જતા જોરુભા પરમાર માર્ગ રોડના ચોક બંને બાજુ સાથે સરકારી હોસ્પિટલ રોડ પર આવેલ પોલીસ ચોકીથી ડાબી બાજુ વળાંક લેતા લખધીરજી સાર્વજનિક દવાખાના, ટાઉન હોલ, મહાનગરપાલિકા કચેરીથી શનાળારોડથી રામચોકથી ડાબે વળાંક લેતા લોહાણા મહાજન વાડી, દાઉદી પ્લોટ, કાયાજી પ્લોટથી નૈઋત્ય ખૂણાની હદેથી મેઈન શનાળા રોડથી અયોધ્યા પૂરી રોડના ખૂણાથી મણીધર હનુમાનજી મંદિરના પાછળના ભાગથી લાતી પ્લોટ મેઈન રોડથી મહેન્દ્રપરા મેઇન રોડ, કપિલા હનુમાન ચોક, સોમૈયા સોસાયટીથી વાયવ્ય ખૂણામાં આવેલ નવી રેલ્વે કોલોનીમાં માધાપર સર્વે નં. 13ના મધ્યથી સર્વે નં. 14/2, 14/1, 15, 16, 17/5 સુધીનો સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૮માં સમાવિષ્ટ વિસ્તારની હદનું વર્ણનઃ-

મોરબી શહેરના સુચિત વોર્ડ નં.૮ના વાયવ્ય ખૂણામાં આવેલ સર્વે નં. 1278/1થી વાયવ્ય ખૂણે વળાંક લેતા સર્વે નં. 1279, 1286, 1291થી ઉત્તર તરફ જતા રોડ સાથે આગળ વધતા સર્વે નં. 1299 તથા 20 પૈકીથી દક્ષિણ દિશા તરફ જતા વળાંક લેતા પંચાસર રોડની પશ્ચિમ બાજુની હદે આગળ વધી પંચાસર રોડ, ખૂણા પર આવેલ ભારત પરા, ખ્વાજા પેલેસ, લાતી પ્લોટ શેરી નંબર ૧૧ પહોચી લાટી પ્લોટ મેઈન રોડ તરફ વળાંક લઇ લાતી પ્લોટ મેઈન રોડથી શનાળા રોડ પર આવેલ પરમાનંદ કોમ્પ્લેક્ષ, શ્લોક આર્કેડ, ગુરુ દત્તાત્રેય મંદિર, મહેશ હોટલ, સ્વામીનારાયણ મંદિર દરવાજો, યદુનંદન ચેમ્બર્સ, દવે પંચોલીની ખુલ્લી જગ્યા, સુભાષચંદ્ર બોઝ પ્રતીમા ચોક, નવાબસ સ્ટેન્ડ, સરદાર પટેલ સ્ટેચ્યુ, શનાળારોડ ઉત્તર તરફ વળાંક લેતા સર્વે નંબર 1218/2, નવા બસ સ્ટેન્ડ ઓળંગી આગળ વધતા નૈઋત્ય ખૂણે સર્વે નં. 1259, 1264/1, 1265થી ઉતર તરફ આગળ વધતા સર્વે નં. 1272, 1277/1, 1278/1 સુધીનો સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૯માં સમાવિષ્ટ વિસ્તારની હદનું વર્ણનઃ-

મોરબી શહેરના સુચિત વોર્ડ નં.૯ના વાયવ્ય ખૂણે આવેલા સર્વે નં. 864ના મધ્યથી પુર્વ તરફ વળાંક લઇ સર્વે નં. 864થી દક્ષિણ દિશા તરફ વળાંક લઇ ત્યાર બાદ સર્વે નં. 865, 871, 872, 1270, 1267, 1213, 1216, 1214, અગ્નિ ખૂણા તરફ આગળ વધતા સર્વે નં. 1208, 1141, 1138, 998, 994/2, 951, 955, 957, 968, 978, 1170/3, 921/1થી ઉત્તર દિશા તરફ જતા સર્વે નં. 921/3, 918, 903, 905, 906ના મધ્યથી આગળ વધતા સર્વે નં. 892, 882, 878, 864ના મધ્ય સુધીનો સુધીનો સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૧૦માં સમાવિષ્ટ વિસ્તારની હદનું વર્ણનઃ-

મોરબી શહેરના સુચિત વોર્ડ નં.૧૦ના વાયવ્ય ખૂણે આવેલ માધાપરના સર્વે નં. 558 થી ઉત્તર તરફ જતા સર્વે નં. 557, 556/2, 556/1, 555, 554, 553, 510, 509, 508, 504, 598, 597ની ઉત્તર દિશા તરફ જતા સર્વે નં. 558, 501, 484, 483, 478, 477, 476, 475, 474, 473, 467, 451, 460, 459, 458, 457, 456, 455, 298, 297ની ઉત્તર દિશાની હદે પુર્વ તરફ જતા સર્વે નં. 558, 310, 311, 312, 314, 252, 251/1, 251/2, 251, 249/3, 323, 324ની ઉત્તર દિશા ની હદેથી દક્ષિણ દિશા તરફ વળાંક લેતા સર્વે નં. 325, 327, 373, 375, 377, 382, 1334, 1332થી વોકળો ઓળંગી પુર્વ દિશા તરફ જતા સર્વે નંબર 919ની પુર્વ તરફ જતા સર્વે નં. 975, 976, 986, 935/1, 936/4, 939, 927થી પશ્ચિમ દિશા તરફ તળાવ પહોચી દક્ષિણ દિશા તરફ વળાંક લેતા સર્વે નંબર 179, 182, 183, 184, 185, 194ની પુર્વ દિશા તરફ જતા સર્વે નં. 200, 201, 207, 203, 254, 256, 261/2, 264/2, 263, 271, 273, 275ની દક્ષિણ દિશા તરફ ઉત્તર તરફ જતા સર્વે નંબર 306, 307, 308, 312, 313, 314, 88/1, 88/2, 29, 30, 46ની પશ્ચિમ બાજુની હદેથી વાયવ્ય દિશા તરફ જતા સર્વે નંબર 49/1, 50, 57, 58થી વોકળાની સાથે આગળ વધતા સર્વે નંબર 60, 61, 62, 63, 64, 70, 71, 65/2, 559, 558 સુધીમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૧૧માં સમાવિષ્ટ વિસ્તારની હદનું વર્ણનઃ-

મોરબી શહેરના સુચિત વોર્ડ નં.૧૧ના વાયવ્ય ખૂણે આવેલ રવાપરના સર્વે નં. 145થી ઉત્તર તરફ જતા સર્વે નં. 153/1 માધાપરના સર્વે નં. 940, 941, 964, 963, 943, 950, 1, 95/1, 949, 947/3, 997થી રવાપરના સર્વે નં. 175, 179/1, 177/1, 178 થી સર્વે નં. 155/1, 161/1, 153, 167, 168/1, 170, 172થી વજેપર સર્વે નં. 1137, 1138થી રવાપરના સર્વે નં. 177/1, પુર્વ તરફ જતા સર્વે નંબર 178 દક્ષિણ દિશા તરફ જતા 179, 180, 171, 182, 183, 1021થી ઉત્તર દિશા તરફ જતા સર્વે નં.1038, 1039/1, 1041ની હદેથી પસાર થઇ સર્વે નં.1037થી દક્ષિણ તરફ જતા સર્વે નં. 1031, 1056, 1098, 1096, 1095, 1090થી મચ્છુ નદી ઓળંગી લીલાપર સર્વે નં. 27, 26, 20, 3, 5, 7, 24, 38, 40, 42/2, 42/1થી દક્ષિણ તરફ જતા રવાપર સર્વે નં. 49, 54, 57થી લીલાપર સર્વે નં.122,120 થી સર્વે નં. 30, 26, 20, 19થી દક્ષિણ દિશા થઇ મચ્છુ નદી સાથે આગળ વધતા લીલાપર સર્વે નં. 288, 294, 296, 236, 239, 217, 172થી પશ્ચિમ દિશા તરફ જતા લીલાપર સર્વે નં. 168, 158 થી રવાપર સર્વે નં. 67, 72, 73 ઉત્તર તરફ જતા રવાપર સર્વે નં. 75, 102, 103, 107થી ઉત્તર દિશા તરફ રવાપરના સર્વે નં. 112, 122, 127, 130, 145 સુધીનો સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૧૨માં સમાવિષ્ટ વિસ્તારની હદનું વર્ણનઃ-

મોરબી શહેરના સુચિત વોર્ડ નં.૧૨ના વાયવ્ય ખૂણે આવેલ સર્વે નં. 1132થી શનાળા રોડ તરફથી સર્વે નં. 1128, સરદાર બાગથી અગ્નિ ખૂણા તરફ વળી આગળ વધતા સર્વે નં.1127, મધ્યભાગ ઓળંગી આગળ વધી રવાપર મેઇન રોડની જમણી બાજુ આવેલ કાલિકા પ્લોટ, કબીર ટેકરી વિસ્તારની દક્ષિણ દિશા તરફ વળાંક લઇ સર્વે નં. 1000, 1004, 1017, 1016/2, 1018/2, 1018/1, 1020થી પશ્ચિમ દિશા તરફ આગળ વધતા સર્વે નં. 1018/3, 1014, 1013/2, 1013/1થી ઇશાન ખૂણા તરફ વળાંક લેતા સર્વે નં. 1012, 1008ના નૈઋત્ય ખૂણેથી આગળ વધતા સર્વે નં. 1007/1, 999ની પશ્ચિમ દિશાની હદે નૈઋત્ય ખૂણે વળી રોડ ઓળંગી સર્વે નં, 1037ના નૈઋત્ય ખૂણાની હદથી પશ્ચિમ દિશાની હદેથી વાયવ્ય ખૂણે જતા સર્વે નં. 1137, 1136, 1135, 1134/1, 1132 સુધીનો સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૧૩માં સમાવિષ્ટ વિસ્તારની હદનું વર્ણનઃ-

મોરબી શહેરના સુચિત વોર્ડ નં.૧૩ના વાયવ્ય ખૂણે આવેલ માધાપરના સર્વે નં. 1002થી ઉત્તર તરફ જતા ઉત્તર તરફના સર્વે નં. 1002થી ઉત્તર તરફ જતા સર્વે નં. 1000, 1125ની પશ્ચિમ બાજુની હદેથી ઉત્તર તરફ જતા સાયન્ટીફિક વાડી, શિવ સોસાયટી, વજેપર વિસ્તાર મતવાવાસ, રબારી વાસ, પોલીસ પરેડ ગ્રાઉન્ડ, વાઘપરા વિસ્તાર, સદભાવના હોસ્પિટલ, બી.એસ.એન.એલ. ઓફિસ, બોય્ઝ હાઈસ્કૂલ, વસંત પ્લોટ, ગાંધી ચોક, સરકારી હોસ્પિટલ રોડ, પોલીસ ચોકી, પંજાબ નેશનલ બેંક, સરદાર રોડ, નેહરુ ગેટથી જમણી બાજુ મેઈન બજાર સાથે ગંધીયા બજારની જમણી બાજુ માધવ રાય મંદિર, ભોઈવાડો, ઝવેરી શેરીની પુર્વ બાજુની હદેથી દક્ષિણ દિશા તરફ આગળ વધતા સુતાર સમાજની વાડી સામેનો ભાગ, ભવાની ચોક, પોલીસ લાઈન થી ઉત્તર તરફ વળાંક લેતા મચ્છુ નદીને કાંઠે આગળ વધતા સ્મશાન, ગૌશાળા ફિલ્ટર હાઉસ, નદી કાંઠેથી પશ્ચિમ તરફ વળાંકથી ઉત્તર બાજુ જતા સર્વે નં. 1109, 1165, 1052, 1051, 1052, 1045,1048,1002 સુધી સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

**આર. જી. ગોહિલ,**

સચિવ.

## અનુસૂચિ-૨

## રાજ્ય ચૂંટણી આયોગ, ગુજરાત

## સચિવાલય, ગાંધીનગર

**રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંકઃ રાચઆ-ચટણ-સમક-મનપા-મોરબી-૨૦૨૬ તા.૦૮-૦૧-૨૦૨૬નું બિડાણ.**

| | | | |
|---|---|---|---|
| મોરબી મહાનગરપાલિકાની સને ૨૦૧૧ની વસતી ગણતરી મુજબ કુલ વસતી | ૨૬૭૭૨૪ | | |
| કુલ વોર્ડની સંખ્યા | ૧૩ | | |
| વોર્ડ દીઠ સરેરાશ વસતી | ૨૦૫૯૪ | સરેરાશ વસતીના ૧૦ ટકા વધ મુજબ : | ૨૨૬૫૩ |
| | | સરેરાશ વસતીના ૧૦ ટકા ઘટ મુજબ : | ૧૮૫૩૫ |
| બેઠકોની સંખ્યા | ૫૨ | | |
| કુલ સ્ત્રી બેઠકો | ૨૬ | | |
| અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા | ૪ | તે પૈકી ૨ બેઠકો અનુ. જાતિ સ્ત્રીઓ માટે અનામત | |
| અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા | ૦ | - | |
| પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા | ૧૪ | તે પૈકી ૭ બેઠકો પછાતવર્ગ સ્ત્રીઓ માટે અનામત | |
| કુલ અનામત બેઠકો | ૩૫ | | |
| સામાન્ય બેઠકો | ૧૭ | | |

| અ.નં. | વોર્ડ નંબર | વોર્ડની વસતી | પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત | બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત | ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બિનઅનામત | ચોથી બેઠકની ફાળવણી અનામત કે બિન અનામત |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ૧૯૬૦૬ | પછાતવર્ગ | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૨ | ૨ | ૨૩૪૭૬ | પછાતવર્ગ | સામાન્ય | અનુસૂચિત જાતિ | સામાન્ય |
| ૩ | ૩ | ૨૨૨૮૨ | સામાન્ય | સામાન્ય | પછાતવર્ગ | સામાન્ય |
| ૪ | ૪ | ૨૧૭૮૪ | પછાતવર્ગ | સામાન્ય | અનુસૂચિત જાતિ | સામાન્ય |
| ૫ | ૫ | ૨૨૪૮૫ | અનુસૂચિત જાતિ | સામાન્ય | પછાતવર્ગ | સામાન્ય |
| ૬ | ૬ | ૧૯૩૪૯ | પછાતવર્ગ | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૭ | ૭ | ૨૧૨૭૩ | પછાતવર્ગ | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૮ | ૮ | ૧૮૯૮૮ | સામાન્ય | સામાન્ય | પછાતવર્ગ | સામાન્ય |
| ૯ | ૯ | ૧૯૫૨૨ | પછાતવર્ગ | સામાન્ય | સામાન્ય | સામાન્ય |
| ૧૦ | ૧૦ | ૧૯૧૫૧ | સામાન્ય | સામાન્ય | પછાતવર્ગ | સામાન્ય |
| ૧૧ | ૧૧ | ૨૦૨૫૬ | સામાન્ય | સામાન્ય | પછાતવર્ગ | સામાન્ય |
| ૧૨ | ૧૨ | ૨૦૧૫૪ | પછાતવર્ગ | સામાન્ય | પછાતવર્ગ | સામાન્ય |
| ૧૩ | ૧૩ | ૧૯૩૯૮ | અનુસૂચિત જાતિ | સામાન્ય | પછાતવર્ગ | સામાન્ય |
| **કુલ** | | **૨૬૭૭૨૪** | | | | |

**આર. જી. ગોહિલ,**

સચિવ.

-----------

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.01.12 08:21:48 IST